**રે. દિવાની મુકદમા નં.૪૯/૨૦૨૪**

**આંક–પ હેઠળ હુકમ**

(૧) વાદીએ હાલની આંક–પની અરજી સી.પી.સી. ઓર્ડર–૩૯ રુલ–૧ અને ૨ હેઠળ વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેની કરેલી છે.

(૨) **દાવાવાળી મિલ્કત :–**

વાદીએ હાલનો દાવો રાજકોટ જિલ્લા ના રાજકોટ તાલુકાના મોજે ગામ ખારચિયા ના રે.સ.નં. ૩૭/૧ ની " ભંગડા ના મારગે વાડી " તરીકે ઓળખાતી જુની શરત ની પીયત પ્રકાર ની ખેડવાણ જમીન જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચોમી. ૧–૩૦–૫૧ અને એકર ૩–૦૯ ગુંઠા વાળી જરાયાત પ્રકાર ની ખેતીની જમીન માટે હાલનો દાવો દાખલ કરેલો છે. જેને હવે પછીથી આ અરજીના કામે ટુંકાણ ખાતર 'દાવાવાળી મિલકત' તરીકે ઉલ્લેખ કરેલો છે.

(૩) **દાવા અરજીની ટુંકમાં હકીકત:–**

૩.૧. વાદીની દાવા અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, 'દાવાવાળી મિલકત' પ્ર.વાદી ની માલીકી ની હતી અને પ્ર.વાદી પાસે થી તા. ૧૭/૩/૨૦ ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ થી વાદી એ ખરીદ કરેલ હતી અને કબજો પણ વાદી ને સોંપી આપેલ હતો.

૩.૨. ત્યાર બાદ પ્ર.વાદી ની વિનંતી ઉપર થી માનવતા ખાતર દાવાવાળિ મીકલત ઉપર વાવવા માટે કબજો આપેલો અને પ્ર.વાદી ધ્વારા કબજો વાદી ને સોંપી દેશે તેમ પણ જણાવેલ.

૩.૩. ત્યાર બાદ વાદી ને જણાવા મળેલ કે , પ્ર.વાદી દાવાવાળિ મીલકત નો સોદો ઉંચા ભાવે અન્ય ને વેચાણ કરવા માંગતા હોઈ દાવાવાળિ મીલકત નો કબજો સોંપી બોજા મુકત કરવા માટે જણાવવા છતા કબજો સોંપેલ નહિ અને ત્યાર બાદ કબજો સોંપવા માટે ની સ્પષ્ટ ના પાડી હતી.

૩.૪. જેથી વાદી એ હાલ નો દાવો કબજો મેળવવા અને પ્ર.વાદી દાવાવાળિ મીલકત અન્ય કોઈ ને સોંપે નહિ, ભાડે આપે નહિ, ગીરો કરાવે નહિ કે બોજો કરાવે નહિ તેવો કાયમી મનાઈ હુકમ મેળવવા તથા હાલ ની અરજી આપી કામચલાઉ મનાઈ હકુમ ની દાદ માંગેલ છે.

(૪) **જવાબ:–**

આ દાવો દાખલ થયા બાદ પ્રતિવાદીને ધોરણસરની નોટીસ કરતાં પ્રતિવાદી નં. ૬ અને ૭ નોટિસ બજવા છતા પ્ર.વાદી જાતે કે વ.શ્રી ધ્વારા હાજર ન રહેતા પ્ર.વાદી વિરૂધ્ધ એક તર્ફી દાવો ચલાવવા નો હુકમ કરવા માં આવેલ છે.

(૫) આ કામે વાદી તરફે નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે.

| **ક્રમ** | **માર્ક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| ૧ | ૪/૧ | વાદી ના આધાર કાર્ડ ની ઝેરોક્ષ નકલ. |
| ૨ | ૪/૨ | વેચાણ દસ્તાવે ની નકલ |
| ૩ | ૪/૩ | વાદી ના રેવન્યુ રેકર્ડ ની નકલ |
| ૪ | ૪/૪ | પ્ર.વાદી ના રેવન્યુ રેકર્ડ ની નકલ |

(૬) **દલીલો :–**

આ કામે વાદી ના વકીલ શ્રી દ્વ્રા પોતાની અરજી માં જણાવ્યા મુજબી ની જ દલીલો કરવા માં આવેલ છે.

(૭) ઉપરોકત અરજી વંચાણે લેતાં નીચે મુજબના મુખ્ય મુદ્દા ઉપસ્થિત થયેલા છે.

૧. શું વાદી માંગ્યા મુજબ નો વચગાળા નો મનાઈ હુકુમ મેળવવા હકકદાર છે?

૨. આખરી હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા બાબતે મારા જવાબો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**<u>કારણો</u>**

ઉપરોકત મુદ્દા સંદર્ભે મારા કારણો નીચે મુજબ છે.

(૯) આ કામે હાલના જજમેન્ટના પેરા નં.૩માં વાદીએ દાવા અરજીની ટુંકમાં હકીકતો જણાવેલ હોઈ તેનું રીપીટેશન ન થાય તે હેતુથી અહી રીપ્રોડયુસ કરેલ નથી.

(૧૦) આ કામે ઉપરોકત ત્રણેય મુદ્દા એકબીજા સાથે સંકળાયેલા હોઈ હકીકતોનું રીપીટેશન ન થાય તે હેતુથી ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

**વિશ્લેષણ:-**

(૧૧) આ કામે વચગાળા નો મનાઈ હુકુમ મેળવવા માટે વાદી એ સ્પ્રે પ્રથમ પોતાનો પ્રાઈમાફેસી કેસ એસ્ટાબ્લીસ કરવા નો હોય છે.

૧૧.૧. વાદીની દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, 'દાવાવાળી મિલકત' તેઓ એ પ્ર.વાદી પાસે થી વેચાણ દસ્તાવેજી થી ખરીદ કરેલ અને તે વખતે તેમને કબજો સોંપી દીધેલ અને ત્યાર બાદ માનવતા ખાતર પ્ર.વાદી ના કહેવા થી તેમને ખેડ કરવા માટે કબજો આપેલ અને વાદી ની માંગણી છતા પ્ર.વાદી કબજો પરત કરતા નથી. જેથી હાલ નો દાવો લાવેલા છે.

૧૧.૨. આમ વાદી એ પોતાના કથન બાબતે દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. જે વંચાણે લેવા માં આવે તો , વાદી ધ્વારા માર્ક ૩/૨ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં. ૧૩૦૨/૨૦ રજુ કરેલ છે. જે વંચાણે લેવા મા આવે તો પ્ર.વાદી ધ્વારા વાદી ને દાવાવાળિ મીકલત રૂ. ૧૦,૦૦,૦૦૦/- ના અવેજ થી વેચાણ આપેલ હોવા નુ જણાય છે.

૧૧.૩. આ કામે વાદી ધ્વારા માર્ક ૩/૩ થી વાદી ના રેવન્યુ રેકર્ડ રજુ કરવા માં આવેલા છે. જે વંચાણે લેવા માં આવે તો રે.સ.નં. ૭૬ પૈકી ૧/પૈકી ૨ ના ગામ નમુના નં. ૭ , ગામ નમુના નં. ૧૨, ૮-અ તથા ફે.નો.નં. ૧૭૨૫ રજુ કરેલ છે. પરંતુ, આ તમામ દસ્તાવેજો દાવાવાળિ મીલકત ના ન હોય હાલ ના દાવા સાથે આ દસ્તાવેજો ઈરીલીવન્ટ છે. જે હાલ ના દાવા ના નિર્ણય માટે ધ્યાને લઈ શકાય નહિ.

૧૧.૪. આ કામે વાદી ધ્વારા માર્ક ૩/૪ થી દાવાવાળિ મીલકત નુ રેવન્યુ રેકર્ડ રજુ કરેલ છે. જે પૈકી ગામ નમુના નં. ૭ , ગામ નમુના નં. ૧૨ અને ગામ નમુના નં. ૮-અ જોવા માં અવો તો , તેમાં પ્ર.વાદી નુ નામ ચાલે છે. ખુદ વાદી એ આ કામે દાવાવાળિ મીકલત ના રેવન્યુ રેકર્ડ ની ફે.નો.નં. ૨૨૮૮ રજુ કરેલ છે. જે જોવા મા આવે તો , દાવાવાળિ મીલકત શ્રી સુરેશભાઈ ગાંડુભાઈ મોલીયા ધ્વારા પ્ર.વાદી ને વેચાણ આપેલ હોવા નુ જણાય છે. જે દસ્તાવેજ રૂ. ૧૦,૦૦,૦૦૦/- ના અવેજ થી તા. ૨૬/૬/૧૯ ના રોજ રજીસ્ટર કરવા માં આવેલ છે. આ સિવાય અન્ય કોઈ દસ્તાવેજો વાદી તરફ થી રજુ કરવા માં આવેલા નથી.

૧૧.૫. આ કામે વાદી ધ્વારા રજુ કરવા માં આવેલ દાવાવાળિ મીકલત નુ નમુના નં. ૭ જોવા માં આવે તો તેમાં ઘણી બધી ફેરફાર નોંધો પાડવા માં આવેલ છે. પરંતુ, વાદી ધ્વાર જાણી બુજી ને ફકત એક જ ફે.નો.નં. ૨૨૮૮ રજુ કરવા માં

આવેલ છે. આ કામ નુ નમુન નં. ૭ જોતા પ્ર.વાદી નુ નામ ફે.નો.નં. ૨૨૮૭ થી દાખલ થયેલ હોય તેમ જણાઈ આવે છે. જયારે ફે.નો.નં.૨૨૮૮ જોવા માં આવે તો તે એન્ટ્રી થી જ પ્ર.વાદી માલીક બનેલા હોઈ રજી. વેચાણ દસ્તાવેજ ના આધારે એન્ટ્રી કરેલ છે. આમ જયારે પ્ર.વાદી ધ્વારા વેચાણ દસ્તાવેજ થી જ તેઓ માલીક બનેલા હોઈ અને તેની એન્ટ્રી નં. ૨૨૮૮ હોય ત્યારે ગામ નમુના નં. ૭ માં ફે.નો.નં.૨૨૮૭ થી પ્ર.વાદી નુ નામ દાખલ કેમ થયેલ છે તે બાબત નો ખુલાસો વાદી ના વકીલ શ્રી ધ્વારા કરવા માં આવેલો નથી કે વાદી ધ્વારા તમામ ફે.નોધો પણ રજુ કરવા માં આવેલ નથી. હાલ ના તબકકે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમન ૧૮૭૯ ની કલમ ૧૩૫ એચ ધ્યાને લેવી જરૂરી છે. જે મુજબ વાદી એ દાવા અરજી સાથે જમીન ને લગતા ફેરફાર રજીસ્ટર ની પ્રમાણિત નોંધો રજુ કરવી જરૂરી છે. આ એક મેન્ડેટરી જોગવાઈ છે. વાદી ધ્વારા ફકત તેઓ ને તેમના લાભ પુરતી જ નકલો રજુ કરેલ છે. જયારે તમામ રેકર્ડ રજુ કરેલ નથી અને જેના થી પુરેપુરૂ સત્ય હાલ ના કેસ માં બહાર આવેલ નથી.

૧૧.૬. વધુ માં આ કામે ગામ નમુના નં. ૭ જોતા બીજા હકક માં ટુકડા ની નોંધ પણ પડેલા નુ જણાય છે. તેવા સંજોગો માં વાદી ધ્વારા કાયદેસર વ્યવહાર કરેલ હોય તેમ પણ રેકર્ડ ઉપર આવેલ નથી. આમ આ તમામ સંજોગો જોતા વાદી ચોખ્ખા હાથે આવેલ હોવાનુ કહિ શકાય નહિ અને જેથી વાદી માંગ્યા મુજબ નો વચગાળા નો મનાઈ હુકુમ મેળવવા હકકદાર થતા ન હોઈ મુદદા નં. ૧ નો જવાબ નકાર માં આપુ છુ અને મુદદા નં. ૨ બાબતે નીચે મુજબ નો આખરી હુકમ કરુ છુ.

**–:: આખરી હુકમ ::–**

(૧) વાદીની હાલની આંક–૫ની અરજી **ના મંજુર** કરવામાં આવે છે. .

(૨) પક્ષકારો એ પોત પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

હુકમ આજે તારીખ ૧ લી માહે જુલાઈ સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ

તા. ૧/૦૭/૨૪

**( અંકુરકુમાર રાકેશચંદ્ર સોની)**

૧૯ માં એડિ. સીનીયર સિવિલ જજ

રાજકોટ.

કોડ નં.જી.જે.૦૧૨૫૬